નોવલ કોરાના વાઇરસ (COVID-19) સંદર્ભે
DIKSHA માધ્યમ ધ્વારા iGOT (Integrated
Govt. Online Training) તાલીમ કાર્યક્રમનાં
અમલીકરણ બાબત

ગુજરાત સરકાર
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ
ક્રમાંકઃએનસીવી/૧૦૨૦૨૦/૩૪૫/ગ
સચિવાલય, ગાંધીનગર
તા.૧૦/૦૪/૨૦૨૦

વંચાણે લીધાઃ-

(૧) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૧૩/૦૩/૨૦૨૦ ના જાહેરનામા ક્રમાંકઃ GP/9/NCV/102020/SF-1/G

(૨) Ministry of Personnel, Public Grievances & Pensions, GoI, No: T— 16017/5/2020-iGOT

(૩) કમિશ્નરશ્રી (આરોગ્ય) ની કચેરીનાં તા.૧૦/૦૪/૨૦૨૦ ની દરખાસ્ત

**પરિપત્રઃ**

કોરોના વાયરસ COVID-19 ની અસરોને પહોંચી વળવા તેમજ રોગ અટકાયત અને નિયંત્રણની કામગીરી કાયદાકીય રીતે ત્વરિત હાથ ધરી શકાય તે હેતુસર એપેડેમિક ડીસીઝ એક્ટ ૧૮૯૭ અન્વયે આ વિભાગના સંદર્ભ-૧ માં દર્શાવેલ તા.૧૩/૦૩/૨૦૨૦ ના જાહેરનામા ક્રમાંકઃએનસીવી-૧૦૨૦૨૦-એસ.એફ.એસ.૧ થી રાજ્યમાં "ધ ગુજરાત એપેડેમિક રેગ્યુલેશન, ૨૦૨૦" લાગુ કરવાંમાં આવેલ છે.

COVID-19 મહામારીને પહોંચી વળવાના હેતુસર અગ્રહરોળના કાર્યકરોને તૈયાર કરવા અને રોગચાળાના અનુગામી તબક્કામાં કેસોમાં વૃધ્ધિનો સામનો કરવા માટે મોટા માનવબળની જરૂર પડશે. જે સંદર્ભે ભારત સરકારશ્રીના મીનીસ્ટ્રી ઓફ પર્સોનલ એન્ડ ધ ટ્રેનીંગનાં તા.૦૭/૦૪/૨૦૨૦ ના પત્ર નં.ટી/૧૬૦૧૭/૫/૨૦૨૦/iGOT થી MoHRD DIKSHk Plat Form પર URL Link https://igot.gov.in ના માધ્યમથી દરેક રાજ્યોના આરોગ્યલક્ષી કામગીરી સાથે સંકળાયેલ કર્મચારીશ્રી/અધિકારીશ્રીઓ ને આ તાલીમ કોર્સનો ઓનલાઇન અસરકારક લાભ લેવા જણાવેલ છે. જે અન્વયે રાજ્ય સરકાર દ્વારા COVID-19 અંગેના આ તાલીમ કોર્ષનો લાભ આરોગ્ય વિભાગ હેઠળના આરોગ્યકર્મીઓ તેમજ રાજ્ય સ્તરના અધિકારીઓ અને સિવિલ ડિફેન્સના અધિકારીઓ, પોલીસ, NCC, નેહરુ યુવા કેન્દ્ર સંગઠન, NSS, રેડ ક્રોસ સોસાયટી, તેમજ અન્ય સ્વયંસેવકો ને પણ મળે તે હેતુસર નીચેની સૂચનાઓ પરિપત્રિત કરવામાં આવે છે.

1. Ministry of Personnel, Public Grievances & Pensions, GoI તાલીમ વિભાગ ધ્વારા ઓનલાઈન iGOT પ્લેટફોર્મનો ઉપયોગ કરીને વિવિધ કેડર માટે તાલીમ કોર્સ મુકવામાં આવેલ છે.

2. આ તાલીમ કોર્સમાં જોડવા માટે https://igot.gov.in લિંકનો ઉપયોગ કરવાનો રહેશે. આ પ્લેટફોર્મ ધ્વારા COVID-19 વિષે કાર્યકર્તાઓને કોઈ પણ સમયે અને સ્થળે તાલીમ પૂરી પાડી શકાશે.

Scanned with CamScanner

3. આ ઓનલાઈન કોર્સ ડોકટરો, નર્સ, પેરામેડીકલ સ્ટાફ, સફાઈ કર્મચારી, ટેકનીશિયન, એ.એન.એમ., રાજ્ય સ્તરના અધિકારીઓ અને સિવિલ ડિફેન્સના અધિકારીઓ, પોલીસ, NCC, નેહરુ યુવા કેન્દ્ર સંગઠન, NSS, રેડ ક્રોસ સોસાયટી, તેમજ અન્ય સ્વયંસેવકો માટે છે. કોર્સની માહિતી નીચે મુજબછે:

   i. કોર્સ માટે https://igot.gov.in લિંક નો ઉપયોગ કરવો.
   ii. લીંક ખોલ્યા બાદ કોર્સમાં જોડાવા માટે પરિશિષ્ટ-૧ મુજબ પગલા અનુસરો
   iii. કોર્સ માટેના QR Code પરિશિષ્ટ-૨ માં સામેલ છે
   iv. કન્ટેન્ટ માટેની સૂચનાઓ પરિશિષ્ટ-૩ માં સામેલ છે

4. iGOT platform નો વ્યાપક પ્રચાર કરવામાં આવે અને સંબંધિત સંસ્થાઓના વધુ ને વધુ સભ્યોને ઓનલાઇન તાલીમ લેવાનું પ્રોત્સાહન આપવામાં આવે તેવી વિનંતી છે. જેથી રોગચાળોનો અસરકારક રીતે સામનો કરી શકાય.

ઉકત પરિપત્રમાં દર્શાવેલ તમામ અધિકારી / કર્મચારીશ્રીઓએ અને સ્વયં સેવકોએ તાલીમ સ્વયં મેળવવાની રહેશે અને દરેક વિભાગનાં આ અંગેના નોડલ અધિકારીની નિમણૂંક કરી તે નોડલ અધિકારીશ્રીએ પોતાના વિભાગનો સંકલિત અહેવાલ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હેઠળના નિયામકશ્રી, રાજ્ય આરોગ્ય અને પરિવાર કલ્યાણ સંસ્થાન, વડોદરા ખાતે મોકલી આપવાનો રહેશે. જિલ્લા/મ્યુનિ.કોર્પોરેશન કક્ષાએ સંબંધિત જિલ્લા/મ્યુનિ.કોપોરેશન તાલીમ કેન્દ્રનાં સીનીયર મેડીકલ ઓફિસરશ્રી/ડેઝીગ્નેટેડ મેડીકલ ઓફિસર નિયામકશ્રી, રાજય આરોગ્ય અને પરિવાર કલ્યાણ સંસ્થાન, વડોદરા મારફતે મોકલી આપવાની રહેશે.

આ કોર્સ માટેની https://igot.gov.in લિંક દરેક વિભાગ, નિગમ, જિલ્લા વહીવટી તંત્ર, જિલ્લા પંચાયત, મ્યુનિસિપલ કોર્પોરેશનની વેબસાઇટ પર લિંક મુકવાની રહેશે.

(હરેશ પરમાર)
ઉપસચિવ
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ
સચિવાલય, ગાંધીનગર

પ્રતિ,

- માન, મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન, મંત્રીશ્રી (આરોગ્ય) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન, મંત્રીશ્રી (આરોગ્ય) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે માન.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે માન.રાજયકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અંગત સચિવશ્રી, મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.

Scanned with CamScanner